# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 24-12-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

-------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# GNR CM DIABETES PROG

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરથી બાળકોમાં થતા પ્રકાર એક મધુપ્રમેહ નિયંત્રણ કાર્યક્રમનો રાજ્યવ્યાપી શુભારંભ કરાવ્યો. આ પ્રસંગે મુખ્યમંત્રીએ કહ્યું, સરકાર રાજ્યમાં આ બીમારીથી પીડાતા અને ઇન્સ્યુલિન એટલે કે, મધુપ્રમેહની દવા જે બાળકોને જરૂરી છે. તેમને શોધી તેમના સુધી દવા પહોંચાડી રહી છે. રાજ્યમાં હાલ 17 હજાર જેટલા બાળકને ઇન્સ્યુલિન લેવાની જરૂર હોવાનું જણાયું છે. આ કાર્યક્રમ ભાવિ પેઢીને સુરક્ષિત, સ્વસ્થ અને આત્મવિશ્વાસભર્યું બનાવશે તેવો વિશ્વાસ પણ તેમણે વ્યક્ત કર્યો.

**(BYTE: BHUPENDRA PATEL, CHIEF MINISTER)**

ઉલ્લેખનીય છે કે, આ કાર્યક્રમ હેઠળ મધુપ્રમેહ એટલે કે, ડાયાબિટીસ ધરાવતા બાળદર્દીઓને નિઃશુલ્ક ઇન્સ્યુલિન એટલે કે દવા અને સારવાર અપાશે. પ્રથમ તબક્કે જિલ્લા હૉસ્પિટલ અને સિવિલ હૉસ્પિટલમાં આ સુવિધા મળશે. જ્યારે તમામ બાળદર્દીઓની નોંધણી અને માસિક ફોલો-અપ રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ RBSK પૉર્ટલ પર કરાશે.

. . . . . . . . . . . . .

# KHET TALAVADI FIT

જળ સંપત્તિ અને પાણી પૂરવઠા મંત્રી ઈશ્વરસિંહ પટેલે ખેત-તલાવડીમાં જીઓમેમ્બ્રેન લગાવવા ખેડૂતો માટે ઑનલાઈન ડ્રૉ કર્યો. તેનાથી 13 જિલ્લાના 40 તાલુકાના 185 જેટલા ખેડૂતને લાભ મળશે. આ અંગે શ્રી પટેલે કહ્યું, વરસાદનું પાણી વેડફાઈ ન જાય અને તેનો સંપૂર્ણ ઉપયોગ સિંચાઈની સુવિધા માટે ખેડૂતો કરી શકે તે હેતુથી સરકાર ખેત-તલાવડીમાં જીઓમેમ્બ્રેન લગાવી આપે છે.

ઉલ્લેખનીય છેકે, વિવિધ જિલ્લામાંથી ખેડૂતોને આ યોજનાનો લાભ આપવા 10 ઑક્ટોબર સુધી ઑનલાઈન અરજી મગાવાઈ હતી. તેમાં 231 અરજી મળતાં તેની ચકાસણી કર્યા બાદ 185 અરજી મંજૂર કરવામાં આવી છે.

. . . . . . . . . . . . . .

# JAMNAGAR SAHIBZADA ANJALI

જામનગરમાં ગુરુદ્વારા નજીક નવા ફ્લાયઑવર બ્રિજ નીચે વીર બાળ દિવસની યાદમાં આગામી 28 તારીખ સુધી વિશેષ કાર્યક્રમ યોજાશે. સાંસદ પૂનમબેન માડમે કાર્યક્રમનો પ્રારંભ કરાવતાં ગુરુ ગોવિંદસિંહજીના પુત્ર સાહિબઝાદાના બલિદાનને યાદ કરી તેમને શ્રદ્ધાંજલિ આપી. આ પ્રસંગે સિખ સમુદાયના લોકો સિવાય ભાજપના અન્ય હોદ્દેદારો અને કાર્યકર્તાઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

**(BYTE: POONAMBEN MADAM, MP)**

. . . . . . . . . . . . .

# SUBEDAR RAMJI SAKPAL YOJANA

રાજ્યના અનુસૂચિત જાતિના 47 યુવાનોને 'સૂબેદાર રામજી સકપાલ યોજના' હેઠળ 75 દિવસની તાલીમ આપીને અગ્નિવીરની ભરતી માટે તૈયાર કરાયા છે. સત્તાવાર યાદીમાં જણાવ્યા અનુસાર પરીક્ષાની પૂર્વ તૈયારી કરવા તાલીમની સાથે તેઓને બે હજાર 500 રૂપિયા ભથ્થું પણ ચૂકવાયું છે. આ યોજના હેઠળ સાડા 17 વર્ષથી 21 વર્ષ સુધીના યુવાનોની પસંદગી કરાય છે. યોજનાનો લાભ લેવા માટે ઓછામાં ઓછી શૈક્ષણિક લાયકાત ધોરણ 10માં 45 ટકા હોવા જરૂરી છે.

. . . . . . . . . . . . .

# KACHCHH BHUKAMP

કચ્છમાં આજે સવારે 10 વાગ્યેને 49 મિનિટે ભૂકંપના આંચકાઓ અનુભવાયા. આ ભૂકંપનું કેન્દ્ર બિન્દુ ભચાઉથી 10 કિલોમીટર દૂર કરમરિયા ગામ નજીક નોંધાયું હતું. જ્યારે રેક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ત્રણની માપવામાં આવી હોવાનું ભૂકંપશાસ્ત્રીય સંશોધન સંસ્થાની યાદીમાં જણાવાયું છે.

. . . . . . . . . . . . .

# G RAM G REACTION

દેશમાં બનેલા નવા વિકસિત ભારત-રોજગાર અને આજીવિકા મિશન-ગ્રામીણ વિકસિત ભારત - જી રામ જી કાયદા હેઠળ દર નાણાકીય વર્ષમાં દરેક ગ્રામીણ પરિવારને 125 દિવસના વેતનની કાયદાકીય બાંહેધરી અપાઈ છે. તેમાં પરિવારના પુખ્તવયના અકુશળ સભ્યો કે, જેઓ શારીરિક શ્રમ કરવા તૈયાર છે તેમને વેતન અપાશે. કેન્દ્ર અને રાજ્ય સરકાર વચ્ચે રકમની વહેંચણીનો ગુણોત્તર ઉત્તર-પૂર્વ અને હિમાલયના રાજ્યો સિવાય તમામ રાજ્ય માટે 60 અને 40નો રહેશે. આ કાયદા અંગે બનાસકાંઠાના સ્થાનિક મહિલાએ પ્રતિક્રિયા આપી.

(બાઇટ : સ્થાનિક)

. . . . . . . . . . . . .

# BOTAD ACCIDENT

બોટાદ જિલ્લાના ગઢડા તાલુકાના ઢસા નજીક કાર અને ટ્રક વચ્ચે અકસ્માત થતાં બેનાં મોત થયા છે જ્યારે એક વ્યક્તિને ઈજા થતાં સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા છે. ઘટનાની જાણ થતા જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી વધુ તપાસ હાથ ધરી છે.

. . . . . . . . . . . . .

# AHMEDABAD CRICKET

સેંટ્રલ ક્રિકેટ બોર્ડ ઓફ અમદાવાદ દ્વારા ગાત્રાળ વિસ્તારમાં આયોજિત ઇન્ટર સ્કૂલ અંડર 19 ટૂર્નામેન્ટ ફાઇનલમાં આજે અમદાવાદની દિલ્હી પબ્લિક સ્કૂલ-બોપલની ટીમ વિજેતા બની છે. DPS બોપલના ખેલાડી યુવરાજ કપાડિયાએ અને પ્રિયમ દવેએ બંને ઇનિંગ્સમાં રન બનાવવામાં મહત્વનું યોગદાન આપ્યું. જ્યારે માનવ ચૌધરીએ પણ બોલિંગમાં શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું હતું. બાદમાં DPSના ખેલાડી ધ્રુવ ખંડેલવાલને મૅન ઑફ ધી મૅચ જાહેર કરાયા હતા.

. . . . . . . . . . . . .

# SURENDRANAGAR PLASTIC

સુરેન્દ્રનગર મહાનગરપાલિકાની ટીમે આજે એક વેપારીના ગોડાઉન પર દરોડો પાડીને આશરે અઢી ટન જેટલું સિંગલ યુઝ પ્લાસ્ટિક જપ્ત કર્યું છે. આ જપ્ત થયેલા પ્લાસ્ટિકની અંદાજિત બજાર કિંમત 10 લાખ રૂપિયાથી વધુ થાય છે. ઉલ્લેખનીય છે,સરકાર દ્વારા સિંગલ યુઝ પ્લાસ્ટિક પર સંપૂર્ણ પ્રતિબંધ મુકાયો છે, જેના અનુસંધાનમાં ઉલ્લંઘન કરનાર વેપારીઓ સામે કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવે છે.

. . . . . . . . . . . . .